GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JULY - DEC. 2017

Number 12



*My life is My Message*

**PATRON**

Dr R. A. Khimani

**Chief Editor**

Dr R. F. Thakor

Senior Scientist & Head

**Editorial Team**

Shri K. A. Patel

Shri A. R. Patel

Shri L. T .Kapur

Shri M. M. Gajjar

**Support**

Dr. B. M. Patel

Shri P. J. Joshi

Smt P. R. Ahir

Shri P. R. Patel

**Half Yearly Newsletter Published by**

**Gujarat Vidyapith**
**KRISHI VIGYAN KENDRA**
**AMBHETI –396 191**
**Dist. Valsad (Gujarat)**
Phone No. :02633-260055
E-mail: kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## New India Manthan Sankalp Se Sidhdhi Programme

New India Manthan—Sankalp Se Sidhdhi programme of GOI was organized at KVK under the chairmanship of Dr K. C. Patel, Hon. MP (Valsad—Dang) on 26th Aug., 2017. Dr R. F. Thakor (Senior Scientist and Head, KVK) welcomed all and informed about the programme.




With the aim of doubling the income of the farmers by 2022, Dr K. C. Patel pledged the oath with a belief that all the present farmers, to develop New India by eradicating poverty, corruption, terrorism, free from racism and double their income. On this occasion, Dr. Patel also informed that India is heading towards becoming a Superpower. Prime Minister has launched a nationwide awareness campaign to double the income of farmers of the country. Shri Kanubhai Desai (MLA, Pardi) inspired the farmers to adopt the modern agricultural technologies to improve the yield of the crop, because of which farmers have become prosperous today.



The details of seven point strategy to double the income of the farmers were explained by Dr. Sharma (Research Scientist, NAU, Paria), Dr Gohil of Animal Husbandry Department and Mr Pravinbhai of Atma Project.

On this occasion, Shri Rameshbhai (President, Taluka Panchayat, Kaparada), and members of Panchayat and Sarpanch from many villages were remained present. More than 375 farmers from all blocks were participated in this programme.

## ન્યુ ઈન્ડીયા મંથન સંકલ્પ સે સિધ્ધિ કાર્યક્રમ

ભારત સરકારનો ન્યુ ઈન્ડીયા મંથન – સંકલ્પ સે સિધ્ધિ કાર્યક્રમ વલસાડ–ડાંગ ના સાંસદશ્રી ડી.કે.સી.પટેલની અધ્યક્ષતામાં ગ્રામ સેવા કેન્દ્ર, અંભેટી ખાતે તા. ૨૬/૦૮/૨૦૧૭ ના રોજ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમની વિગતવાર માહિતી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર–અંભેટીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. આર.એફ. ઠાકોર દ્વારા આપવામાં આવી. આ પ્રસંગે સાંસદશ્રી ડૉ. કે.સી. પટેલે ખેડુતોને સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેતીની આવક બમણી કરવાના સરકારના આહ્વાન વિશે માહિતગાર કરીને દેશનાં નવનિર્માણ માટે સ્વચ્છ, ગરીબીમુકત ભ્રષ્ટાચારમુકત, આતંકવાદમુકત, સંપ્રદાયમુકત, જાતિવાદમુકત ભારત બનાવવા અંગે સૌને શપથ લેવડાવ્યા હતા. તેમણે જણાવ્યું કે ભારત દેશ મહાસત્તા બનવા જઈ રહ્યો છે ત્યારે દેશના વડાપ્રધાને ખેડુતોની આવક બમણી કરવા દેશભરમાં જાગૃતિ લાવવા માટે અભિયાન હાથ ધર્યુ છે. આપણે સૌએ એમાં સહકાર આપીને તેને સફળ બનાવવું જોઈએ.

આ પ્રસંગે ઉપસ્થિત પારડીના ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈ દ્વારા ખેડુતોને આધુનિક ખેતીની તાંત્રિકતાઓ અપનાવીને ખેતી ઉપજ તથા ગુણવત્તામાં સુધારો કરીને આવકમાં વધારો કરવા તથા આંબાવાડીવાળા ખેડુતોને આંતરપાક દ્વારા એકમ વિસ્તારમાંથી વધુ આવક મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્યક્રમમાં ભારત સરકારના ખેડુતોની આવકને વર્ષ ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના સાત સૂત્રો વિશેની વિસ્તૃત જાણકારી કાર્યક્રમમાં ઉપસ્થિત નવસારી કૃષિ યુનિવર્સિટી ના પરિયા કેન્દ્રના વડા ડૉ. ડી.કે. શર્મા, આત્મા પ્રોજેકટ, વલસાડના શ્રી પ્રવિણભાઈ માડાણી, મદદનીશ પશુપાલન નિયામકશ્રી ડૉ.ગાહિલ અને કેવીકેના શ્રી અરવિંદભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કપરાડા તાલુકાના પ્રમુખશ્રી રમેશભાઈ, જિલ્લા પંચાયતના સભ્યશ્રી શંકરભાઈ, તાલુકા પંચાયત સભ્ય, સરપંચ, નાયબ બાગાયત નિયામક, મદદનીશ ખેતી નિયામક, આત્મા પ્રોજેકટના અધિકારીઓ તથા વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ૩૭૫ થી વધુ ખેડુત ભાઈઓ–બહેનો હાજર રહ્યા હતા.

**કિસાન કોલ સેન્ટર ૧૫૫૧ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## Major Events

## ખાસ કાર્યક્રમોની ઝલક

### Soil Health Camp

Soil health camps were organized at Arnai and Kakadkopar village of Kaprada. About 150 farmers were participated. Mr. L. T. Kapur, Soil Scientist inspired the farmers to use organic and biofertilizers to avoid extreme use of hazardious chemical fertilizers.



### જમીન તંદુરસ્તી કેમ્પ

કપરાડા તાલુકાના અરણાઈ અને કાકડકોપર ગામે ગોઠવવામાં આવેલ જમીન તંદુરસ્તી કેમ્પમાં અંદાજે ૧૫૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિકશ્રી લલિત કપુરે હનિકારક રાસાયણિક ખાતરોના આડેધડ વપરાશના વિકલ્પ તરીકે સૈદ્રિય જૈવિક ખાતરો વાપરવા અનુરોધ કર્યો હતો.

### Cattle Health Camp

Two days cattle camp was arranged at Pati village of Pardi block on 13/11/17 and 18/11/17 in which about 130 farmers were participated. About 295 cattle were treated CMT test, Mastist by Dr B. M. Patel of KVK.



### પશુ સારવાર કેમ્પ

પારડી તાલુકાના પાટી ગામે તા.૧૩/૧૧/૨૦૧૭ અને ૧૮/૧૧/૨૦૧૭ના રોજ ગોઠવવામાં આવેલ પશુ સારવાર કેમ્પમાં ૧૩૦ જેટલા પશુપાલકોએ ભાગ લીધો. જેમાં કેન્દ્રના તજજ્ઞ ડૉ. બી.એમ.પટેલ દ્વારા ૨૯૫ જેટલા પશુઓની સી.એમ.ટી ટેસ્ટ અને મસ્ટાઈટીસ અંગે સારવાર કરવામાં આવી.

### Seminar on Women Health

Seminar on women health was organized at Amdha village on 10th Aug.,2017. About 81 farm women were guided on different aspects related to health by Dr Divyesh Patel (Medical Officer) and nutritional garden by Mrs. Premilaben of KVK (Home Scientist)



### મહિલા આરોગ્ય શિબિર

આમધા ગામે તા. ૧૦/૦૮/૨૦૧૭ના રોજ મહિલા આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં મહિલા સ્વાસ્થ્ય અંગે ડૉ. દિવ્યેશ પટેલ (મેડિકલ ઓફિસર) તથા ન્યુટ્રીશનલ ગાર્ડન વિશે કેન્દ્રના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમીલાબેન દ્વારા ૮૧ જેટલી બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું.

### Swachhta Hi Seva Programme

Different programmes under Swachhta Hi Seva were organized during 15th to 30th Sep., 2017. About 12 programmes at KVK as well as village level on Awareness compaign, Sapath for Swachchta, cleaning of office premise and surrounding area, bio-waste management, etc. were organized in which more than 465 participants were participated.





### સ્વચ્છતા એ જ સેવા કાર્યક્રમ

સ્વચ્છતા એ જ સેવા કાર્યક્રમ અંતર્ગત તા. ૧૫ થી ૩૦ સ્પટેમ્બર ૨૦૧૭ દરમ્યાન કેન્દ્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. જેમાં કેન્દ્ર ખાતે તેમજ ગ્રામ્ય કક્ષાએ જાગૃતિ શિબિર, સ્વચ્છતા માટે શપથ, કાર્યાલય તથા આજુબાજુના વિસ્તારની સફાઈ, જૈવિક કચરાનું વ્યવસ્થાપન, વગેરે વિશે કરવામાં આવેલ ૧૨ જેટલા કાર્યક્રમોમાં ૪૬૫ થી વધુ લોકોએ ભાગ લીધો.

## On Farm Testing

During Kharif - 2017 season, On farm testing on assessment of seed rate in paddy nursery at Chival ( 5 farmers) , variety for kharif paddy at Dhodhadkuva & Arnala (10 farmers), Dapog method of paddy nursery at Kakadkopar (5 farmers) and mosaic resistant variety in bittergourd at Nandgam ( 10 farmers) were organized by KVK Scientist.






## ઓનફાર્મ ટેસ્ટીંગ

ખરીફ-૨૦૧૭ ઋતુ દરમ્યાન કેન્દ્ર દ્વારા ડાંગર ધરુવાડીયામાં બિયારણના દર વિશે ચીવલ ગામે (૫ ખેડુતો), ખરીફ ડાંગરમાં જાત વિશે ધોધડકુવા અને અરનાલા ગામે (૧૦ ખેડુતો), ડાંગર ધરુવાડીયામાં ડેપોગ પધ્ધતિ વિશે કાકડકોપર ગામે (૫ ખેડુતો ) અને કારેલીમાં પંચરંગીયા રોગ સામે પ્રતિકારક જાત અંગે નાંદગામ ગામે (૧૦ ખેડુતો) ઓન ફાર્મ ટેસ્ટીંગ ગોઠવવામાં આવ્યા હતા.

## Front Line Demonstrations

## અગ્ર હરોળ નિદર્શનો

### Paddy :

FLD on paddy var. GAR –13 was arranged on 25 ha (125 farmers) during Kharif -2017. A field day was organized at Sadadvera village on 20/09/17 in which more than 66 farmers were participated. The demonstrated variety increased 26.66% yield.



### ડાંગર :

ખરીફ ઋતુમાં કુલ ૨૫ હે. (૧૨૫ ખેડુતો) વિસ્તારમાં ડાંગરની જાત જીએઆર-૧૩નાં નિદર્શન ગોઠવેલ. જે અંતર્ગત ધરમપુર તાલુકાના સાદરવેરા ગામે તા. ૨૦/૦૯/૨૦૧૭ના રોજ ગોઠવેલ ક્ષેત્ર દિનમાં ૬૬ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. નિદર્શિત જાતમાં ૨૬.૬૬% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### Fingermillet :

Fingermillet var. Guj. Nagli 5 was demonstrated in 16 ha (50 farmers) in Kharif season. A field day was organized at Mendha village on 04/10/17. There was 22.73% increase in yield in demonstrated variety.



### નાગલી :

કપરાડા તાલુકાના અંતરિયાળ ગામોમાં ૧૬ હે. વિસ્તારમાં ૫૦ ખેડુતોના ખેતરે ગુજ. નાગલી-૫ જાતના નિદર્શનો ગોઠવવામાં આવેલ. મેણધા ગામે તા. ૦૪/૧૦/૨૦૧૭ ના રોજ ક્ષેત્ર દિન ગોઠવવામાં આવેલ. નિદર્શિત જાતમાં ૨૨.૭૩% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### Pigeonpea :

FLD on pigeonpea var. Vaishali was organized on 5 ha area (50 farmers) in Pati and Dhodhadkuva villages. The crop condition is good.




### તુવેર :

ખરીફ રૂતુમાં પાટી અને ધોધકુવા ગામે કુલ ૫ હે.(૫૦ ખેડુતો) વિસ્તારમાં તુવેરની વૈશાલી જાતના નિદર્શન ગોઠવવામાં આવેલ છે. જેમાં પાકની પરિસ્થિતી સારી છે.

### Sweetpotato :

Sweetpotato variety Collection -71 was demonstrated on 20 farmers' field in Kelavani village of Dharampur block. There was 20.22% increase in yield in demo var. as compared to local variety.



### શક્કરીયા :

ધરમપુર તાલુકાના કેળવણી ગામે શક્કરીયાની સિ.૭૧ જાતના ૨૦ ખેડુતોના ખેતરે નિદર્શન ગોઠવવામાં આવેલ. જેમાં દેશી જાત કરતાં નિદર્શિત જાતમાં ૨૦.૨૨% જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

### Bittergourd :

FLD on bittergourd var. F1 hybrid Akash was organized on 2.5 ha (19 farmers) in Kelavani and Chinchozar village. There was 17.81% increased in yield as compared to farmers' practice.



### કારેલા :

ધરમપુર તાલુકાના કેળવણી અને ચીંચોઝર ગામે ૧૯ ખેડુતોના ખેતરે ૨.૫ હે. વિસ્તારમાં કારેલા પાકના અગ્ર હરોળ નિદર્શન ગોઠવવામાં આવેલા. જેમાં નિદર્શિત હાઈબ્રીડ જાત આકાશમાં ઉત્પાદનમાં ૧૭.૮૧% જેટલો વધારો જોવા મળેલ.

## Demonstration on Rabi Crop (રવી પાક નિદર્શન)

| Crop<br>પાક | Variety<br>જાત | Area (ha)<br>વિસ્તાર (હે.) | No of farmers<br>ખેડુતોની સંખ્યા | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Gram<br>ચણા | GJG– 3<br>જી.જે.જી ૩ | 20.00 | 98 | Dhodhadkuva,, Pati, Sadavera<br>ધોધડકુવા, પાટી, સાદડવેરા |
| Indianbean<br>વાલ | Guj. Val. – 2<br>ગુજ. વાલ. -૨ | 4.00 | 50 | Panava, Ozar, Nanivahiyal, Mendha<br>પાનવા, ઓઝર, નાનીવહીયાળ, મેણધા |
| Sorghum<br>જુવાર | G. J. 38<br>જી.જે. ૩૮ | 5.00 | 32 | Dhodhadkuva, Asma<br>ધોધડકુવા, આસ્મા |
| Sugarcane<br>શેરડી | Con. 04131<br>કો.એન. ૦૪૧૩૧ | 1.00 | 10 | Dhodhadkuva, Kherlav<br>ધોધડકુવા, ખેરલાવ |

## Training Programme

KVK organized four days skill training programmes on seed production in paddy and pulses, IPM in vegetables, Vermicomposting, Cattle feed and fodder management, cultivation of chickpea, organizing demonstrations, etc. in which total 161 farmers were participated.

Vocational programmes of six day duration on Mushroom cultivation and maintenance and repairing of power tiller were also organized for 56 rural youths.





## તાલીમ કાર્યક્રમો

કેવીકે ખાતે ડાંગર અને કઠોળ પાકોમાં બીજ ઉત્પાદન, શાકભાજી પાકોમાં સંકલિત રોગ જીવાત નિયંત્રણ, વર્મીકમ્પોસ્ટ, પશુ આહાર વ્યવસ્થાપન, ચણાની ખેતી, નિદર્શન આયોજન વગેરે વિષયો પર ચાર દિવસીય કૌશલ્ય તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવેલ. જેમાં કુલ ૧૬૧ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ.

આ ઉપરાંત ગ્રામીણ બેરોજગાર યુવાઓ માટે મશરૂમ ઉત્પાદન અને પાવર ટીલર મરામત અને જાળવણી વિશે છ દિવસીય તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા જેમાં કુલ ૫૬ ભાઈ બહેનોએ ભાગ લીધેલ.

## Extension Functionaries Training

Four training programmes for extension functionaries were organized in the discipline Extension Education, Animal Science and Plant Protection. The VLWs of dept. of Agri., Paravet workers and field staff of JN Trust, Kaprada were trained.



## વિસ્તરણકર્તા તાલીમ

કેન્દ્ર દ્વારા વિસ્તરણ શિક્ષણ, પશુપાલન અને પાક સંરક્ષણ વિષયોમાં કુલ ચાર તાલીમ ગોઠવવામાં આવી. જેમાં ખેતીવાડી ખાતાના ગ્રામ સેવકો, વિસ્તરણ અધિકારીઓ, વસુધારા ડેરી તથા પશુપાલન ખાતાના બીજદાન કાર્યકરો તથા જશોદા નરોત્તમ ટ્રસ્ટના ફિલ્ડ કાર્યકરોને કેન્દ્રના તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી.

## NICRA Project

Demonstration on Biofertilizer, Neem oil, Pseudomonas and Pheromone traps in paddy, Sweet potato (var. C. 71) , Indian bean ( var. Guj. Val. 2), Green fodder, Silage from green fodder and mineral mixture as balance feed as well as Mushroom cultivation for self employment of women were demonstrated in NICRA village Khuntali and Amdha.





## નિકરા પ્રોજેક્ટ

નિકરા પ્રોજેક્ટના ગામો ખુટલી અને આમધામાં ડાંગરમાં જૈવિક ખાતર, નીમ ઓઈલ, સુડોમોનસ, ફેરોમેન ટ્રેપ, શક્કરીયાની સિ. ૭૧ જાત, વાલની ગુ. વાલ-૨, લીલા ઘાસચારાની જાતો, પશુ આહાર માટે સાઈલેજ, મીનરલ મિક્સર તથા સ્વરોજગારી માટે મશરૂમની ખેતીના નિદર્શનો કેન્દ્રના તજજ્ઞો દ્વારા ગોઠવવામાં આવ્યા.

## Seed Production (બીજ ઉત્પાદન)

- Seed of paddy (6500kg), seedlings of brinjal (1,40,000 No.), sugarcane (110 Tone) and sweetpotato ( 90,000 Cuttings) of improved varieties were supplied to the farmers.
- કેન્દ્રના ફાર્મ પર ડાંગર બિયારણ (૬૫૦૦ કિલો), રીંગણના ૧,૪૦,૦૦૦ ધરુ, શેરડી (૧૧૦ ટન) તથા શકકરીયા ના ૯૦,૦૦૦ કટીંગ તૈયાર કરી ખેડુતોને પુરા પાડવામાં આવ્યા.

**BOOK- POST**

**To,**

____________________

____________________

____________________

____________________

**From-**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191